## વાત ગાંધીનગરની

આઠમ નોમે શ્રાવણના સરવરીયાથી શહેર આખુ ભીંજાયેલુ રહ્યું. મેઘરાજા મન મુકીને વરસતા નથી અને થંભતા પણ નથી. દર કલાક-બે કલાકે મીસ્ક કોલ આપી હાથતાળી આપી જાય છે.

- **રાજભવનમાં એટહોમ રદ**

રાજભવનમાં પરંપરાગત સ્વાતંત્ર્યદિને યોજાતા સ્નેહમિલન કાર્યક્રમ ''એટહોમ' કોરોનાના કારણે આ વર્ષે યોજાશે નહી. ગુજરાત રાજ્યની સ્થાપના બાદ પ્રથમ વખત ગાંધીનગર રાજભવન ખાતે એટહોમ કાર્યક્રમ નહી યોજાય. કોરોનાના ગ્રહણે કેટ કેટલીક પરંપરાઓ તોડી છે. એનો હિસાબ તો ૨૦૨૦ના અંતિમ દિવસે કરી સકાશે.

- **મમતા વર્મા કોરોનાની ઝપટમાં**

પ્રવાસન વિભાગના સચિવ મમતા વર્મા કોરોનાની ઝપટમાં આવી જતા સનદી અધિકારીઓમાં ભારે ફફડાટ વ્યાપ્યો છે. છેલ્લા ચાર દિવસમાં મમતા વર્મા અનેક સચિવો અને અધિકારીઓના સંપર્કમાં આવ્યા હોવાનું ચર્ચાય છે. ચારેક સનદી અધિકારીઓ તો મંગળવારની બેઠકોમાં હાજર હતા.

- **મેળા વિનાનો કૃષ્ણ જન્મોત્સવ મોળો મોળો**

ભગવાન કૃષ્ણનો જન્મોત્સવ પાટનગરના ઈતિહાસમાં ૪૫ વર્ષ બાદ સુનો સુનો રહ્યો. નહીં મેળો, નહીં ઉત્સવ, નહીં પારણું ઝુલાવવાનું કે નહીં પંચાજીરીનો પ્રસાદ. કોરોનાએ તો ભગવાનના જન્મોત્સવને ઝાંખો પાડી દીધો. પંચદેવનું પ્રાંગણ એવું સુમસામ લાગતુ હતુ કે દુરથી દર્શન કરતાંય આંખમાંથી અશ્રુ પાડનારી જન્માષ્ટમી બની રહી. જાણે કે કવિની માફી સાથે એમ કહી શકાય કે, 'માધવ ક્યાંય નથી મહામારીમાં'...!!

- **સચિવાલયમાં હાજરી પર પણ ઘેરી અસર**

સચિવાલય અનલોક-૧ થી શરૂ થયુ. શરૂઆતનો એક મહિનો ઓફિસે આવવાનો ઉત્સાહ પણ વર્તાતો હતો. પરંતુ હવે કોરોનાનો વ્યાપ અને વેગ વધતાં અંદરનો ભય દેખાઈ આવે છે. રજા જમા હોય અને આજુબાજુ જાહેર રજાઓ. તો રજા લઈ અને ઘેર રહેવાનું કર્મયોગીઓ પસંદ કરે છે. હમણાં પાંચ દિવસમાં ત્રણ રજાના કારણે સચિવાલયની હાજરી ઉપર ઘેરી અસર દેખાય છે.

- **સ્વાતંત્ર્ય દિને માત્ર ૨૪૯ આમંત્રિતો**

પ્રતિ વર્ષે ધામધુમથી ઉજવાતો સ્વાતંત્ર્યદિન પણ કોરોના ગ્રહણથી મુક્ત નથી. ગાંધીનગરમાં યોજાનાર રાજયકક્ષાના સ્વાતંત્ર્યદિન સમારોહમાં માત્ર ૨૪૯ આમંત્રિતોને આમંત્રિત કરાયા છે. જેમાં મોટે ભાગે સનદી અધિકારીઓ, શહેર-જિલ્લાના પદાધિકારીઓ અને મીડીયાના અગ્રણીઓનો સમાવેશ થાય છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના હસ્તે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાશે. સોશીયલ ડીસ્ટન્સીંગ સાથે યોજાનાર કાર્યક્રમમાં માત્ર દેશભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાશે અને તે પણ માત્ર ૪૦ મિનિટ જ.

- **અનિલ મુકિમના એક્ષ્ટેશન માટે ભલામણ**

રાજ્યના મુખ્યસચિવ અનિલ મુકિમ ૩૧ ઓગષ્ટે નિવૃત્ત થઈ રહ્યા છે. પરંતુ તેમને વધુ છ મહિના એક્ષ્ટેશન આપવા રાજ્ય સરકારે કેન્દ્રને રજૂઆત કરી છે. વૈશ્વિક મહામારી કોરોનાના કપરા કાળમાં રાજ્યના વહિવટીતંત્રને સુપેરે કાર્યરત રાખવા માટે કાર્યદક્ષ સનદી અધિકારી અનિલ મુકિમ વધુ છ મહિના મુખ્ય સચિવ તરીકે રહે એવી ગુજરાત સરકારે ભલામણ દિલ્હી મોકલાવાઈ છે.

- **'અર્ક' આજનો...**

પોતાના માટે પરફેક્ટ બનો બાકી લોકો તો ભગવાનની પણ ભુલ કાઢી શકે છે

# આકાશી નઝારો અષાઢી પણ મેઘરાજાનો મિજાજ શ્રાવણિયો

**બે દિવસથી ઝરમરિયા વરસાદના લીધે નગરમાં ભીંજારાનો માહોલ : સિઝનનો ૨૧ ઇંચ વરસાદ મેઘરાજા મન મૂકીને વરસે તેવી આશ**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં છેલ્લા બે દિવસથી વરસાદી વાદળો ગોરંભાયેલા છે. આકાશમાં નિખરેલા અષાઢી નઝારા વચ્ચે શ્રાવણમાં ઝરમરિયા વરસાદથી ભીંજારાનો માહોલ છે. ઝરમરિયા વરસાદના લીધે ઠંડકનુ મોજુ પ્રવર્તયુ છે. નગરજનોને આકરા બફારામાં રાહત અનુભવી રહ્યા છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૨૧ ઈંચ વરસાદ થયો છે. ત્યારે નગરજનો મેઘરાજા શ્રાવણિયો મિજાજ મુકીને ધોધમાર વરસે તેની વાટ જોઈ રહ્યા છે.

શહેરમાં છેલ્લા બે દિવસથી સતત ઝરમરિયો વરસાદ વરસી રહ્યો છે. વાદળિયા વાતાવરણ વચ્ચે ધીમી ધારે વરસતા વરસાદથી શહેરમાં ઠંડકનુ મોજુ પ્રવર્તયુ છે. આજે પણ દિવસ દરમિયાન સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી નઝારો નિખર્યો હતો. દિવસ દરમિયાન સતત ઝરમર વરસાદના લીધે શહેરમાં ભીંજારાનો માહોલ યથાવત છે. શહેરમાં અત્યાર સુધી ૨૧ ઈંચ જેટલો વરસાદ થયો છે. જો કે રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશી નઝારો પણ નિખરે છે. પરંતુ છેલ્લા ત્રણ ચાર દિવસથી આકાશમાં ગોરંભાયેલા રહેતા વાદળો મનમુકીને વરસતા નથી જો કે વરસાદની હાજરીથી નગરજનો ઉકળાટમાં રાહત અનુભવી રહ્યા છે. નગરમાં વરસાદી વાતાવરણ વચ્ચે નિખરતી હરિયાળી અને ઠંડક વચ્ચે વાતાવરણ પણ નયનરમ્ય જોવા મળી રહ્યુ છે. શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી આકાશમાં રોજ વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. જયારે વરસાદ પણ જાણે આચમની ભરીને વરસતો હોય તેમ લાગી રહ્યુ છે. શ્રાવણમાં આમ પણ વરસાદ સરવરિયા વરસાવે છે કયારક હળવુ ઝાપટુ વરસાવી જતા વરસાદના લીધે શહેરના સેકટરોમાં પાણીના ખાબોચિયા ઉભરાતા નજરે પડે છે. એકબાજુ વરસાદ ધોધમાર વરસતો નથી ત્યારે નગરજનો મુશળધાર વરસાદની વાટે છે. બીજીતરફ છેલ્લા ઘણાં સમયથી વાતાવરણમાં વધતા ઉકળાટના પ્રમાણ વચ્ચે સતત ઝરમરિયા વરસાદથી વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જેના લીધે નગરજનો આકરા બફારથી પણ રાહત અનુભવી રહ્યા છે. શહેરમાં વરસાદી વાતાવરણ વચ્ચે નગરનો નઝારો પણ આંખોને ઠંડક આપે તેવો આહલાદક બન્યો છે. આકાશમાં ગોરંભાયેલા વરસાદી વાદળો દિનભર યથાવત રહે છે. આકાશમાં વરસાદી વાદળોના સામ્રાજય વચ્ચે શ્રાવણમાં પણ જાણે અષાઢી મેઘના અંબર સતત ગોરંભાયેલા જોવા મળે છે.



# શહેરમાં કોરોનાના કેસો ૬૦૦ને પાર

**આજે સે. ૨ માં ૨, સે. ૨૪ માં ૨, સે. ૬, સે. ૪-સી, સે. ૩-બી, સે. ૨૩, સે. ૭ અને સે. ૨૭ માંથી કેસ મળી આવ્યા : દુકાન માલિક, એલ.આઈ.સી., મેડીકલ સ્ટોર સંચાલક, જીએસટીનો કર્મયોગી કોરોનાની ઝપટમાં : મોટી વય ધરાવતા દર્દીઓ વધુ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. આ સાથે ગાંધીનગર શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા ૬૦૦ ને પાર કરી ગઈ છે. ગાંધીનગર શહેરમાં આજે ૧૦ કેસ સાથે કોરોનાની સંખ્યા ૬૦૧ થઈ છે.

શહેરમાં કેસોની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં સચિવાલય સંકુલના અધિકારીઓ પણ કોરોનાની ઝપટમાં આવી રહ્યા છે. આજે ૩૮ વર્ષથી લઈ ૭૨ વર્ષના દર્દીઓ નોંધાયા છે. આજે બે દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે આજે એક દુકાન માલિક, જી.એસ.ટી.નો કર્મયોગી, એલ.આઈ.સી.નો કર્મયોગી, એક ટ્યુશન ક્લાસીસ સાથે સંકળાયેલ, એક મેડીકલ સ્ટોરના સંચાલક કોરોનાની ઝપટમાં આવી ગયા છે. આજે નોંધાયેલા કેસમાં એક મહિલા દર્દીનો પણ સમાવેશ થાય છે.

શહેરમાં નોંધાયેલા કેસોની સામે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે ગઈકાલ સુધીમાં ૪૭૧ દર્દીઓ રિકવર થઈ જતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

આજે નોંધાયેલા કેસોમાં સે. ૨૪ માંથી બે, સે. ૬, સે. ૪-સી, સે. ૩-બી, સે. ૨૩, સે. ૨૦, સે. ૨ માંથી ૨ અને સે. ૨૭ માંથી કેસો મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૬ માંથી એક ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ગૃહીણીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ગૃહીણીના પરિવારની ૪ વ્યક્તીઓને તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૪ જે કોરોના માટે સંવેદનશીલ ગણાય છે ત્યાંથી આજે વધુ બે કેસ મળતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. શહેરમાં વસ્તીનું ભારણ આ સેક્ટરોમાં સૌથી વધુ છે.

મળતી વિગતો પ્રમાણે ટ્યુશન ક્લાસીસ સાથે સંકળાયેલ એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ દર્દીના પરિવારની એક વ્યક્તીનો તંત્રએ હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે.

આ ઉપરાંત ચાંદખેડા ખાતે

● અનુસંધાન પાના - ૭ પર

## જન્માષ્ટમીના દિવસે આઠ કેસ કોરોનાના

**શહેરમાં ૨૨૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન : ૪ દિવસમાં ૫૦૦થી વધુના ટેસ્ટ કરવામાં આવ્યા**

ગાંધીનગર શહેરમાં જન્માષ્ટમીના દિવસે ૮ કેસ કોરોનાના નોંધાયા હતા. જેમાં બે મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે.

જન્માષ્ટમીના દિવસે સે. ૬-બીમાં બે, સે. ૧૩-બી માં ૨, સે. ૩-બી, સે. ૪-સી, સે. ૨૧ અને સે. ૨૨ માંથી કેસો મળ્યા હતા.

દરમ્યાન શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધીને ૨૨૦ ને પાર કરી ગઈ છે. આ કન્ટેનમેન્ટ ઝોનમાં ૧૨ હજાર લોકો છે. શહેરમાં કોરોનાના ટેસ્ટીંગ વધારવાના નિર્ણયને પગલે આજે નોમના દિવસે ૧૧૭ જેટલા લોકોના ટેસ્ટ કરાયા હતા. છેલ્લા ૪ દિવસમાં ૫૦૦ થી વધુ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

શહેરમાં સે. ૨૬, ૨૪, ૨૭, ૨ તથા ૨૨ સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન છે. નવા સેક્ટરોમાં પણ કેસોની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે. મહિલા દર્દીઓ તેમજ મોટી ઉંમરના દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની ચિંતામાં વધારો જરૂર થયો છે.

# ગુજકેટનો અનુલક્ષી વિદ્યાર્થીઓએ ઓનલાઈન હોલ ટીકીટ મેળવવાની રહેશે

**આગામી ૨૪ ઓગષ્ટના રોજ યોજાનારી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી હોલ ટીકીટ બોર્ડની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરવાની રહેશે : હોલ ટીકીટમાં શાળાના આચાર્યના સહી સિક્કાની જરૂર નહી પડે**

ગાંધીનગર તા ૧૩

કોરોના કાળમાં ગુજકેટની પરીક્ષા અગાઉ રદ થયા બાદ આગામી તા ૨૪ ઓગષ્ટના રોજ પરીક્ષા લેવાનુ આયોજન કરાયુ છે. આ અન્વયે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષાર્થીઓને પોતાની હોલ ટીકીટ મેળવી લેવા માટે પણ જણાંવાયુ છે. તા ૧૩ ઓગષ્ટથી પરીક્ષાર્થીઓ પોતાની હોલ ટીકીટ મેળવી શકશે તેમ પણ જણાંવાયુ છે. પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓએ હોલ ટીકીટ સાથે એક ફોટો આઈ ડી પણ લઈ જવા માટે બોર્ડ દ્વારા જણાંવાયુ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા અગાઉ ગુજકેટની પરીક્ષા રદ કરવામાં આવી હતી જયારે તા ગત તા ૩૧ માર્ચના રોજ યોજાનારી ગુજકેટની પરીક્ષા કોરોનાની મહામારીના લીધે રદ કરાયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ગુજકેટની પરીક્ષા તા ૨૪ ઓગષ્ટના રોજ લેવાનો નિર્ણય કરાયો છે. શિક્ષણ બોર્ડના નાયબ પરીક્ષા નિયામક જે જી પંડયાએ આ અંગે જણાંવ્યા મુજબ કોરોનાના લીધે અગાઉ પરીક્ષા રદ થઈ હતી જયારે આ

● અનુસંધાન પાના - ૭ પર

## દુ:ખદ અવસાન



સ્વ. ગોહિલ કેશાજી છગુજીના સુપુત્ર સ્વ. ગોહિલ બળવંતસિંહ કેશાજીનુ તા. ૧૨/૦૮/૨૦૨૦ ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે, સદ્ગતનુ બેસણુ તા. ૧૪/૦૮/૨૦૨૦ શુક્રવારના રોજ સવારે ૯ થી ૨ વાગ્યા સુધી નીચેના સ્થળે રાખેલ છે. કોરોના વાયરસની મહામારીની પરિસ્થિતી ને ધ્યાનમાં રાખવી

**-: સ્થળ :-**

ગામ – રાંદેસણ, કસારીયોની સામે, સીટી પ્લસ રોડ, ગાંધીનગર

વિરેન્દ્રસિંહ મો. ૯૫૭૪૪૨૬૫૬૧

ગોહિલ વિરેન્દ્રસિંહ બળવંતસિંહ (એડવોકેટ) પુત્ર
ગોહિલ વિજયસિંહ મહોતજી, ભાઈ
ગોહિલ પુંજાજી ગલાબજી, કાકા
ગોહિલ રજુજી ગલાબજી, કાકા
ગોહિલ મહોતજી ગલાબજી, કાકા
ગોહિલ લક્ષ્મણસિંહ ડુંગરજી, કાકા
ગોહિલ અજીતસિંહ પ્રતાપસિંહ, ભત્રીજા

પી. બી. ગોહિલ, (એડવોકેટ) સ્નેહી મિત્ર
વાઘેલા ફતેસિંહ જવાનજી, જીજાસા
બિહોલા અલ્પેશસિંહ શામળસિંહ, જમાઈસા
બિહોલા કિરીટસિંહ દિલીપસિંહ, જમાઈસા
બિહોલા પ્રદિપસિંહ જુજારસિંહ, જમાઈસા
વાઘેલા જીગ્નેશસિંહ તખતસિંહ, ભાણેજ

# જિલ્લામાં વધુ ૧૮ કેસ નોંધાયા

**બે દિવસમાં ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત : આજે ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૧ અને કલોલમાં પાંચ કેસ**

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે વધુ ૧૮ કેસ નોંધાતા તંત્રમાં દોડધામ મચી જવા પામી હતી. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી વધુ ૩ દર્દીના સારવાર દરમ્યાન મોત થયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સારવાર દરમ્યાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૮૯ થઈ છે. ગાંધીનગરના બે અને દહેગામના એક દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. ગાંધીનગરના બે દર્દીઓના મોત ૧૨-૮-૨૦૨૦ના રોજ થયા છે જ્યારે દહેગામના દર્દીનું મોત આજે થયુ હતુ.

ગ્રામીણ વિસ્તારમાં દર્દીઓના સારવાર દરમ્યાન મોતની સંખ્યા વધતાં તંત્રમાં પણ શોકની લાગણી પ્રસરેલી જોવા મળી રહી છે. જો કે તંત્ર દ્વારા દર્દીઓના મોત અંગે તેની સત્તાવાર યાદીમાં કોઈ જ પુષ્ટિ કરવામાં આવી નથી.

તંત્ર દ્વારા માસ સેમ્પલીંગ કર્યા પછી પણ તેમાં કેટલા કેસ પોઝીટીવ મળી આવ્યા તેને લઈ પણ મૌન સેવવામાં આવી રહ્યુ છે. આ પછી અમદાવાદ કોર્પોરેશનમાં જેમ એક જ દિવસે બધા કેસ બતાવવામાં આવ્યા હતા તેમ કેસ બતાવવામાં આવશે તેવી વાતો વર્તાઈ રહી છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગરમાં ૧૨, દહેગામમાં ૧ અને કલોલમાં પાંચ કેસ આજે મળી આવેલ છે. ગાંધીનગર કલોલમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર પણ અત્યારે સ્તબ્ધ છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં હોટસ્પોટ બનેલા કુડાસણમાંથી આજે વધુ ૪ કેસ મળી આવ્યા છે. જેમાં એક ૮૧ વર્ષીય વૃદ્ધ, ૬૫ વર્ષીય પુરૂષ, ૪૮ વર્ષીય પુરૂષ અને ૪૪ વર્ષીય પુરૂષનો સમાવેશ થાય છે.

સરગાસણમાંથી પણ આજે બે કેસ મળ્યા છે. જેમાં એક મહિલા અને એક પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે. મળતી વિગતો પ્રમાણે સરગાસણમાંથી ૪૫ વર્ષનો પુરૂષ અને ૪૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના પ્રવાસનધામ તરીકે જેની ઓળખ છે તે અડાલજ પણ કોરોના માટે હોટસ્પોટ બની ગયેલ છે. અડાલજમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. જેમાં એક મહિલા દર્દી અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે અડાલજમાંથી ૩૦ વર્ષીય મહિલા, ૬૦ વર્ષીય પુરૂષ અને ૨૯ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ગાંધીનગર તાલુકાના સાદરા ગામે પુનઃ કોરોનાએ માંથુ ઉંચક્યુ છે. સાદરામાંથી એક ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કોલવડામાંથી એક ૫૫ વર્ષીય પુરૂષનો અને ઈસનપુર મોટા ગામેથી એક ૬૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્ય છે.

દહેગામ અર્બનમાંથી એક ૫૪ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલમાંથી કલોલ શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાંથી બે કેસ મળી આવ્યા છે. કલોલના જેઠલજ ગામેથી એક ૭૦ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો મોખાસણ ગામેથી એક ૩૦ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૪૬ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે અર્બન-૨ વિસ્તારમાંથી બે કેસ મળ્યા છે. જે બન્ને મહિલા દર્દીઓ છે અને બન્ને મહિલા દર્દીઓની આયુ ૫૦ વર્ષની હોવાનું તંત્રએ જણાવ્યુ છે.

જિલ્લાતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે જિલ્લામાં હાલ ૧૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના

● અનુસંધાન પાના - ૭ પર

## ગ્રામ્ય વિસ્તારમાં બે દિવસમાં ૫૪ દર્દીઓ ડિસ્ચાર્જ

જન્માષ્ટમીના દિવસે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૬ કેસ નોંધાયા હતા. જેમાં ગાંધીનગર તાલુકામાં પાંચ, દહેગામમાં બે, કલોલમાં પાંચ કેસ અને માણસામાં ૪ કેસ નોંધાયા હતા.

જન્માષ્ટમીના દિવસે કુડાસણમાંથી ૩ કેસ મળી આવ્યા હતા. આ ઉપરાંત ઉનાવા અને ઉવારસદમાંથી કેસ મળ્યા હતા.

કલોલ તાલુકામાં છત્રાલ, નાંદોલી અને મુબારકપુરા ઉપરાંત અર્બન વિસ્તારમાંથી પણ એક કેસ મળ્યો હતો.

ગઈકાલે પણ નોંધાયેલ દર્દીઓ સામે ડિસ્ચાર્જ મેળવનાર દર્દીઓની સંખ્યા વધારે હતી. જન્માષ્ટમીના દિવસે ૨૯ દર્દીઓને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ હતુ. તંત્રના જણાવ્યા પ્રમાણે છેલ્લા બે દિવસમાં ૫૪ દર્દીઓને રિકવરી પ્રાપ્ત થતાં ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૨૦૦૦/-

સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા.૫૦૦/-

ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.

પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com